ગાંધીનગર સમાચાર

**મેટ્રો પ્રોજેક્ટના લીધે પણ પ્રોપર્ટીના ભાવ વધશે**

# ગુડાની નવી આવાસ યોજના માટે ૫ હજાર અરજદારોએ રસ દાખવ્યો

ગાંધીનગર તા ૩

ગુડા દ્વારા નવી આવાસ યોજનાનુ નિર્માણ કરવામાં આવનાર છે. ત્યારે આ અન્વયે તંત્ર દ્વારા આવાસો માટે ફોર્મનુ વિતરણ કરવામાં આવી રહયુ છે. અત્યારે સુધી ૫ હજાર જેટલા લાભાર્થીઓએ આવાસ મેળવવા ફોર્મ ખરીદ્યા છે. જયારે હજુ આગામી તા ૧૦ ઓકટોબર સુધી ફોર્મનુ વેચાણ થવાનુ હોવાથી અરજદારોની સંખ્યા વધશે.

ગુડા વિસ્તારમાં કુડાસણ ખાતે નવી આવાસ યોજના બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે શુભ લાભ આવાસ યોજનાના લાભાર્થીઓને પ્રથમ તબક્કામાં મકાનો ફાળવી દેવાતા આમ નાગરિકોમાં

**કુડાસણની નવી આવાસ યોજના માટે અરજદારોમાં ઉત્સાહ**

આવાસ મેળવવા માટેનો ઉત્સાહ બેવડાયો છે. અડાલજ ખાતે ગુડા દ્વારા અટલ આવાસ યોજનાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. જયારે કુડાસણમાં પણ કરોડોની કીંમતી જમીન પર ગુડા દ્વારા નવી આવાસ યોજનાનુ નિર્માણ કરવામાં આવનાર છે. જેને અનુલક્ષી ગુડા દ્વારા છેલ્લા ૨૦ દિવસથી ફોર્મનુ વિતરણ કરવામાં આવી રહયુ છે. નવી આવાસ યોજના અન્વયે અત્યાર સુધીમાં અંદાજિત ૫ હજાર જેટલા ફોર્મનુ વેચાણ થયુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આગામી તા ૧૦ ઓકટોબર સુધી ફોર્મનુ વિતરણ કરવામાં આવનાર હોવાથી હજુ વધુ અરજદારો રસ દાખવે તેવી સંભાવના છે.



પર્યાવરણ બચાવો અભિયાન : શહેરમાં પ્લાસ્ટીકના પ્રદૂષણે ભરડો લીધો છે. વ્યાપારીઓ તેમજ આમ નાગરિકોમાં પ્લાસ્ટીકની થેલીઓનું બિન્દાસ ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે પર્યાવરણ સામે મંડરાયેલા આ ખતરામાંથી ઉભરવા પ્લાસ્ટીકના બદલે કાપડની થેલીનો ઉપયોગ કરવા નાગરિકો જાગૃત થાય તેવા પ્રયાસો હાથ ધરાય છે. નાગરિક સરક્ષણ દળ અને અરૂણોયદ સેવા ટ્રસ્ટ દ્વારા શનિવારે નવા સચિવાલય પોઈન્ટના બસ સ્ટેન્ડ પાસે નાગરિકો પાસેથી પ્લાસ્ટીકની થેલી લઈ કાપડની થેલીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના આગેવાનો દ્વારા ૨૦૦ જેટલી પ્લાસ્ટીકની થેલીઓ કબજે કરવામાં આવી હતી. **(તસવીર : દિપક જાની)**

# સે-૧૩ માં જ- ૨ કક્ષાના ૪૨ મકાનો તોડી પાડવામાં આવશે

ગાંધીનગર તા ૩

શહેરમાં વર્ષોના અંતે નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. જયારે માટાભાગના નિકાલ હેઠળના મકાનો તોડી પાડવામાં આવ્યા છે. સે-૧૩માં જ -૨ કક્ષાના નિકાલ હેઠળના ૪૨ મકાનો તોડવાનુ કામ પણ ટુંકમાં શરૂ કરાશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ છેલ્લા એક વર્ષથી હાથ ધરવામાં આવ્યુ છે. જયારે નિકાલ હેઠળના મકાનોના સ્થાને ટાવર કોલોની બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરંતુ શહેરમાં હજુ નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ પુર્ણ થયુ નથી નિકાલ હેઠળના ૧૯૦૦ મકાનો પૈકી ૭૦ ટકા મકાનો તોડી નાંખવામાં આવ્યા હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જયારે સે- ૭ અને સે-૧૩ માં પણ નિકાલ હેઠળના મકાનોની સંખ્યા વિશેષ છે. પરંતુ આ બન્ને સેકટરોમાંથી પણ ભયજનક મકાનો દુર કરી દેવામાં આવ્યા છે. સે-૧૩ માં જ-૨ કક્ષાના મકાનો તોડવાનુ કામ ટુંકમાં શરૂ કરાશે. જે અન્વયે જ -૨ કક્ષાના

**શહેરમાં નિકાલ હેઠળના મોટાભાગના મકાનો તોડવાનુ કામ પુર્ણ**

૪૨ જેટલા મકાનો તોડવામાં આવશે. શહેરના સે- ૨૯ અને સે-૩૦ માં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે આ બન્ને સેકટરમાં ટાવર કોલોની બનાવવાનુ કામ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. નિકાલ હેઠળના મકાનો તોડવાની કામગીરી દરમિયાન કાટમાળનો ઢગ ખડકાય છે જયારે આ કાટમાળ ઝડપથી દુર થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# મિલ્કત ખરીદવા માટે શ્રેષ્ઠ સમય મેટ્રો પ્રોજેકટના લીધે પણ પ્રોપર્ટીના ભાવ વધશે

ગાંધીનગર તા ૨

આજનો સમય મિલ્કત ખરીદવા માટે શ્રેષ્ઠ છે. ગાંધીનગરમાં મેટ્રો પ્રોજેકટ આવતા આગામી સમયમાં મિલ્કતોનો ભાવ વધશે જયારે નાગરિકોના પ્રતિભાવને જોતા પ્રોપર્ટી ક્ષેત્રે ઉજ્જવળ ભવિષ્ય દેખાઈ રહયુ છે. કંપની દ્વારા ૩૦ વર્ષ માટે લોન આપીને ૯.૭૫ ટકાના ફલેટદરે વ્યાજ વસુલવામાં આવે છે. તેમ ઈન્ડીયા બુલ્સના અધિકારી એમ એસ વાલિયાએ જણાંવ્યુ હતુ. દેશની બીજા નંબરની હાઉસીંગ ફાયનાન્સ કંપની ઈન્ડીયાબુલ્સ હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ દ્વારા ઈન્ફોસિટી કલબ ખાતે આજે આવાસ ગાંધીનગર -૨૦૧૫ એકસલુઝિવ હોમ શો નુ આયોજન કરવામાં આવ્યુ છે. તા ૨ થી ૪ ઓકટોબર સુધી યોજાનારા પ્રોપર્ટી શો માં નગરના ૧૧ અગ્રણી બિલ્ડરોએ ભાગ લીધો છે.




**ઈન્ડીયાબુલ્સ હોમ લોન્સ દ્વારા ઈન્ફોસિટી ખાતે ત્રિદિવસીય પ્રોપર્ટી શોમાં નગરના ૧૧ ડેવલપર્સે ભાગ લીધો**

ઈન્ફોસિટી કલબ ખાતે આજે ગુડાના ચેરમેન આશિષ દવે તેમજ ઈન્ડીયાબુલ્સ હાઉસીંગ ફાયનાન્સ લી ના નેશનલ બિઝનેસ મેનેજર એમ એસ વાલીયાએ પ્રોપર્ટી શો ના સમારંભનુ ઉદઘાટન કર્યુ હતુ. આ તબકકે ઈન્ડીયાબુલ્સ કંપનીના

● અનુસંધાન પાન-૭ પર

# નગરના ઉદ્યાનોને નવી વ્યવસ્થાના આધારે પાણીપુરવઠો અપાશે

ગાંધીનગર તા ૩

સરગાસણ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટમાંથી નગરના બગીચાઓને પાણી સપ્લાય કરવાના પ્રાજેકટ અન્વયે પાઈપલાઈનનુ કામ પુર્ણ થતા ટુંકમાં પુનિત વન અને સરિતા ઉધાન સહિતના વિસ્તારોમાં પાણી સપ્લાય કરવામાં આવશે જયારે વિધાનસભાના પાછળ તેમજ નવા સચિવાલય સંકુલની હરિયાળીને નિખારવા પણ પાઈપલાઈન લંબાવી સપ્લાય પુરો પાડવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જેની પાછળ અંદાજિત ૨૫ લાખનો ખર્ચ થાય તેમ છે.

શહેરના બગીચાઓની હરિયાળી બરકરાર રાખવા સરગાસણ ખાતે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવાયો છે. જેના આધારે દુષિત પાણી શુધ્ધ કરીને નગરના બગીચાઓને પુરુ પાડવા પાઈપલાઈનનુ કામ પણ પ્રથમ તબક્કામાં પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. આ વ્યવસ્થાના આધારે નગરના સ્વર્ણિમ પાર્કમાં પણ પાણીનો સપ્લાય કરવામાં આવી રહયો છે. જયારે પુનિત વન ,સરિતા ઉધાન તેમજ બાલોદ્યાન અને વિવિધ નર્સરીમાં પાણી પુરુ પાડવા હાલના તબક્કે પાઈપલાઈનનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે આગામી એક મહીનામાં આ સ્થળોએ નવી પાઈપલાઈન મારફતે પાણી સપ્લાય કરવામાં આવશે. આ ઉપરાંત સે-૧ના બગીચામાં પણ પાણી પહોંચાડવામાં આવશે. વધુમાં સરગાસણ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટના આધારે નગરના અન્ય સ્થળોએ પણ પાણીનો જરૂરી સપ્લાય ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા માટે આયોજન કરવામાં આવ્યુ છે.

**પાઈપલાઈનનુ કામ પુર્ણ થતા ટુંકમાં પુનિત વન અને સરિતા ઉદ્યાન સહિતના બગીચાઓને પાણી અપાશે : વિધાનસભા પાછળના વિસ્તાર અને નવા સચિવાલય સંકુલમાં પણ પાઈપલાઈનનુ જોડાણ અપાશે**

# આનંદીબેન પટેલ લિખિત "એ મને હંમેશા યાદ રહેશે" પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા. ૩

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ લિખિત જાહેર જીવનના અનુભવોને વર્ણવતુ પુસ્તક "એ મને હંમેશા યાદ રહેશે'.નું વિમોચન તા. ૬ ઓક્ટોબર મંગળવારે સવારે ૧૦ કલાકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં યોજાશે. આ પુસ્તકનું વિમોચન સ્વામી આધ્યાત્માનંદજી અને સાહિત્યકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાના વરદહસ્તે કરવામાં આવશે.




ગુજરાતના વિકાસ મોડેલને ગતિશીલ મોડ આપનાર શિક્ષિકા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હૃદયના ઊંડાણમાં ઝીલાયેલા પ્રસંગોને આ પુસ્તકમાં તેમની લાગણીસભર કલમે આલેખાયા છે. અભિનવ દષ્ટિકોણથી લખાયેલ આ પુસ્તકમાં તેમના અનુભવોનું ભાથુ અને પ્રજાકીય સેવકને શોભે તેવી સંવેદનશીલતા વિકાસ માટે કાર્યરત સમાજ સેવકો માટે 'હેન્ડબુક' બની રહે તેવી શક્યતા ધરાવે છે.

# રાજ્યમાં ટ્રાન્સપોર્ટરની હડતાળની ઘેરી અસર

અમદાવાદ, તા.૩

દેશભરમાં ટ્રાન્સપોર્ટરની હડતાળ યથાવત રીતે જારી રહેતા જનજીવન ખોરવાઈ ગયું છે. જુદી જુદી ચીજવસ્તુઓના પુરવઠાને હવે ટૂંકમાં જ અસર થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

ટ્રાન્સપોર્ટર્સની હડતાળ ત્રીજા દિવસમાં પ્રવેશી છે. આ સાથે ટ્રક ટાન્સપોર્ટરોએ બુકિંગ અને ડિલીવરી પણ બંધ કર્યા છે. હડતાળને લીધે ઉત્તર પ્રદેશ,બિહાર,હરિયાણા અને પંજાબ જેવાં રાજ્યોમાં ચીજવસ્તુઓનો પુરવઠો ખોરવાઈ ગયો છે.અનેક ઉદ્યોગો કાચા માલની અછતનો સામનો કરી રહ્યા છે. કેન્દ્ર સરકારે અગાઉ જ ટોલ ટેક્સ નાબુદ કરવાની ટ્રક ટ્રાન્સપોર્ટરોની માગણી ફગાવી છે. હડતાળમાંથી દુધ, શાકભાજી અને દવાઓને મુક્તિ આપવામાં આવી છે.ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ (આઈએમટીસી)ના અધ્યક્ષ ભીમ વાધવાએ જણાવ્યું હતું કે, સરકાર સમાધાનકાર વલણ અપનાવે નહીં ત્યાં સુધી હડતાળ ચાલુ રહેશે. સરકારન સુચન પ્રમાણે ઈલેક્ટ્રોનિકલ ટોલ સિસ્ટમ વ્યવહારુ નથી.હડતાળને લીધે બે દિવસમાં ટ્રાન્સપોર્ટરોને ૩,૦૦૦ કરોડ અને સરકારને ૨૦ હજાર કરોડનુ નુકસાન થયુંછે. કેન્દ્રના પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ એઆઈએમટીસીને હડતાળ આટોપી લેવાનો અનુરોધ કરતાં સ્પષ્ટ પણે જણાવ્યું હતું કે, સરકાર ટોલ ટેક્સ નાબુદ નહીં કરે. ટ્રાન્સપોર્ટરોને બીજા એક સંગઠન ઓલ ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ વેલફેર એસોશિયેશને હડતાળમાં ન જોડાવવાનો નિર્ણય કર્યો છે.

રેલ્વે ટીકીટ/એર ટીકીટ
બસ મુંબઈ/શીરડી/જયપુર/પુના ઉદયપુર/સોમનાથ/દ્વારકા
પાસપોર્ટ સર્વિસ / વીઝા સર્વિસ
હોટલ બુકીંગ / ક્રુઝ બુકીંગ
ટુર-પેકેજ ગોવા, સીમલા-મનાલી, કેરાલા, કાશ્મીર, દાર્જીલીંગ, આંદામાન-નિકોબાર, થાઈલેન્ડ, સીંગાપુર, દુબઈ, મલેશિયા
શ્રીરામ ટ્રાવેલ્સ સિદ્ધાર્થ સ્ટેટસ, ન્યુ વાવોલ
૯૭૨૪૩ ૧૭૩૫૮, ૯૫૭૪૯ ૭૧૮૫૯

# જો તમને જોખમોથી રોમાંચ થતો ન હોય તો તમે બિઝનેસને લાયક નથી

અમદાવાદ, તા. ૩

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન (એએસીએ)ના ઉપક્રમે આજે અમદાવાદમાં ફેસ્ટીવલ ઓફ એડવર્ટાઈઝીંગ પ્રસંગે વાયએમસીએ ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે 'ક્રિએટીવ એડવર્ટાઈઝીંગ'




વિષયે યોજાયેલા એક એક્સલુઝીવ ટૉક શો માં એડગુરૂ અને પ્રસિદ્ધ ક્રિએટીવ ફિલ્મ ડિરેક્ટર શ્રી પ્રહલાદ કક્કર વિજ્ઞાપન ક્ષેત્ર સાથે સંકળાયેલા સમુદાયને માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આ સમારંભમાં એક સંયુક્ત પ્રયાસ દ્વારા સર્જનાત્મકતાને નવા ઉંચા સ્તરે લઈ જવાનો પ્રયાસ કરાયો હતો.

એડવર્ટાઈઝીંગનું સાચી શૈલીના સ્તોત્ર સમાન આ ફેસ્ટીવલ ઓફ એડવર્ટાઈઝઈંગ અને 'એએસીએ મિડાયા એવોર્ડઝ' માટે શ્રેષ્ઠ વિજ્ઞાપન એજન્સીઓ એકજૂટ થઈ હતી અને આ શહેરની શ્રેષ્ઠ સર્જનાત્મકતા ધરાવતી વ્યક્તિઓનું બહુમાન કરાયું હતું.

'વિજ્ઞાપન એ આવતીકાલ માટેનું સપનુ છે. તમારા ગ્રાહકનું જે સપનુ હોય તેવુ સપનુ તમે અનુભવો તો તમે વિજ્ઞાપન ક્ષેત્રમાં સફળતા માટે કદમ મુક્યાં છે. બિઝનેસના બિઝનેસમાં જોખમો લેવાનો સમાવેશ

**એડગુરૂ પ્રહલાદ કક્કરનું અમદાવાદ એડવર્ટાઈઝઈંગ સર્કલના સભ્યોને સંબોધન : ગુજરાતના વિજ્ઞાપન સમુદાયની સર્જનાત્મક પ્રતિભાઓની કદર માટે એએસીએના સૌ પ્રથમ મિડીયા એવોર્ડઝ એનાયત કરાયા**

થાય છે. અને તમે જોખમથી રોમાંચિત થઈ જતા નથી, તો તમે આ બિઝનેસ માટે સર્જાયા નથી.' કક્કરે આ ઉચ્ચારણો કર્યા ત્યારે શ્રોતાઓ ખૂબ જ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા.

વધુમાં ચોક્કસ વાત ઉપર આવતાં શ્રી કક્કરે ભારપૂર્વક જણાવ્યું કે યુવાનીની નિર્ભયતાની જેમ વિજ્ઞાપનમાં વધુ જોખમ લેવાની ભાવના હોવી જોઈએ. તેમના જણાવ્યા પ્રમાણે, જે લોકો ૩૦ થી વધુ વર્ષની ઉંમર ધરાવે છે તે માર્ગદર્શકની ભૂમિકા ભજવવા અને જોખમો કઈ રીતે નિવારવાં તેનું માર્ગદર્શન આપવા માટે ઉત્તમ નિવડી શકે છે. આ લોકો મેન્ટર્સને પોતાના અભિગમમાં યોવાની જેવી તાજગી લાવવાનું શિખવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત કોંગ્રેસ દ્વારા ગુજકોસીક અંગે રાષ્ટ્રપતિ સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા. ૩

ગુજરાત કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે આજે રાષ્ટ્રપતિને મળીને ગુજકોસીક અને ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા સુધારા વિધેયકને મંજુરી નહી આપવા અંગેની રજુઆત કરી હતી.

ગુજરાત વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલ ગુજકોસીક બીલને તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા મંજુરી આપીને રાષ્ટ્રપતિને મંજુરી અર્થે મોકલી આપવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ ભરતસિંહ સોલંકી અને વિપક્ષ કોંગ્રેસના નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠળના એક પ્રતિનિધિમંડળ આજે રાષ્ટ્રકપતિ પ્રણવ મુખર્જીને મળ્યું હતું.

કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે રાષ્ટ્રપતિ સમક્ષ ગુજકોક બીલમાં કરાયેલી કેટલીક જોગવાઈઓ અંગે વિરોધ વ્યક્ત કરીને આ બીલને મંજુરી નહી આપવા અને પરત કરવા માટે રજુઆત કરી હતી.

એસ્ટ્રો કન્સલટન્સી
જ્યોતિષ અને પરામર્શ દ્વારા તમામ પ્રકારની સમસ્યાઓનો સચોટ ઉકેલ કરી આપવામાં આવશે.
મો. ૯૫૧૨૮૯૨૯૨૨, ૯૫૧૨૮૯૨૭૬૯

નવરાત્રી સ્પેશિયલ મેઘા સેલ
કોટન કુર્તી, લોન્ગ કુર્તી, અનારકલી પટીયાલા કુર્તી, બાંધણી વર્કવાળી કુર્તી, બ્રાન્ડેડ ટી-શર્ટ, લોન્ગ ટી-શર્ટ, વેસ્ટર્ન ટોપ, વન પીસ, પ્લાઝો, કેપ્રી, હેરમ, શોર્ટી, ટી બેગ,સરગ, દુપટ્ટા, સ્ટોલ, સલવાર, પ્રિન્ટેડ પટીયાલા, બ્લેઝર, ઝમશુટ, ડંગરી, મોડલ શર્ટ, લેગીન્સ, બ્રાન્ડેડ જીન્સ ફક્ત ૨૫૦થી શરૂ, રફ જીન્સ, નેટવાળી વેલવેટ નેટ વર્ક એન્કલ લેગીન્સમાં ૨૦૦થી વધારે કલર રેન્જ સાથે
નવરાત્રી સ્પેશિયલ કુર્તી અને કોટી ● ફેન્સી અનારકલી L, 3XL સુધી સાઈઝ
રૂ. ૫૦૦ની કુર્તી અને ટોપની ખરીદી ઉપર ૧ લેગીન્સ ફ્રી
રૂ. ૭૫૦ની કુર્તીની ખરીદી ઉપર લેગીન્સ અને દુપટ્ટો ફ્રી
જેગીન્સ ફક્ત ૨૫૦થી શરૂ (Size L to 8XL)
ચેન એન્કલ પેન્ટ ફક્ત ૨૦૦ (૨૮ થી ૩૨) રૂ. ૩૦૦ (૩૪ થી ૩૮)
જીન્સ ઉપર પહેરવાની શોર્ટ કુર્તી ફક્ત ૧૫૦ રૂ.
નાના બાળકોની વેસ્ટટ (૧૦થી ૧૫) વર્ષના બહેનો માટે પેન્ટ લેગીન્સ ટી-શર્ટ મળશે ૨૦% થી ૫૦% સુધીનું ડીસ્કાઉન્ટ
આસ્થા એન્ટરપ્રાઈઝ બધા જ દિવસે ચાલુ રહેશે.
સેક્ટર-૨૩/૨૪ ચોકડી કોર્નર, ગાંધીનગર. મો. : ૯૭૨૬૪ ૫૬૨૨૮
સમય : સવારે ૧૦-૦૦ થી રાત્રે ૯-૦૦ વાગ્યા સુધી

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com